**PAGE NO.4**

**સોગંદ આપ્યા.....**

<u>ફરીયાદી  પ્રકાશભાઈ મગનભાઈ પરમાર ની આંક–૪ ની સરતપાસ લગત  બચાવપક્ષે તરફે ઉલટ તપાસ વિ. વ.શ્રી એન.યુ.સોલંકી.</u>

(૧)    હું અભણ છુ. એ વાત ખરી નથી કે મને લખતા વાંચતા આવડે છે. હું ઈન્કમ ટેક્ષ રીટર્ન ભરુ છુ. એ વાત ખરી છે કે મે આ કામે ઈન્કમ ટેક્ષ રીટર્ન રજુ રાખેલ નથી. એ વાત ખરી છે મારી આંક–૧ ની ફરીયાદ મા મે સહી કરેલી છે. એ વાત ખરી છે કે મે આંક–૧નુ વેરીફીકેશનના સોગંદનામામા અને પુરાવાના સોગદનામામા મારી સહી છે. એ વાત ખરી છે કે આંક–૧૧ ના દસ્તાવેજી પુરાવામા મે સહી કરેલી છે. એ વાત ખરી નથી કે આંક–૧૧ મા  સાક્ષી નામે કીશનભાઈ ગણેશભાઈ સોલંકી હસ્તક ફરીયાદીએ પેમેન્ટ આપેલાનું દર્શાવેલ છે. એ વાત ખરી છે કે આ કામના આરોપી જયેન્દ્ર ભાઈ ખુમાનસિંહના ચેક નં.૦૦૦૦૦૮, ૦૦૦૦૦૯, ૦૦૦૦૧૧, ૦૦૦૦૧૨ ચાર ચેકો મારી પાસે છે. એ વાત ખરી છે કે આંક–૧૧નુ લખાણ ત્રણ મહીનાની શરતનુ કરેલુ. એ વાત ખરી છે કે મે આ લખાણ તારીખ ૦૨/૦૧/૨૪ નારોજ કરેલ છે. એ વાત ખરી છે કે તા.૦૨/૦૪/૨૪ ના રોજ ત્રણ માસ પુરા થાય છે. એ વાત ખરી છે કે આંક–૧૧ ના લખાણમા સાહેદ તરીકે કીશનભાઈ ગણેશભાઈ સોલંકીને રાખેલા છે. મે આ ફરીયાદ અગાઉ આ કામના આરોપી સાથે હાલના ફરીયાદ વાળા વ્યવહાર સીવાય અન્ય કોઈ નાણાકીય વ્યવહાર કરેલ નથી. એ વાત ખરી છે કે મે મારી ફરીયાદના પેરા ૧ મા આરોપી સાથે લેતીદેતી કરતા હોવાનુ દર્શાવેલ છે. એ વાત ખરી નથી કે મે આરોપી વિરૂધ્ધ ત્રણમાસ પુર્ણ થયા બાદ કોઈ પોલીસ ફરીયાદ આપેલ નહી. એ વાત ખરી છે કે મે પોલીસ ફરીયાદ કરી હોય તોવો દસ્તાવેજી પુરાવો આ કામે રજુ રાખેલ નથી. હું ડ્રાઈવીંગ કરુ છુ. એ વાત ખરી નથી કે મારે ડ્રાઈવીંગ સીવાય બીજી કોઈ આવક નથી. એ વાત ખરી છે કે મે મારી આંક–૧ ની ફરીયાદમા તથા આંક–૪ ના સરતપાસના સોગંદનામામા ફરીયાદના વ્યવહાર વાળી રકમ મારી પાસે કેવી રીતે આવી તે દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે આરોપીએ મને બેન્કમા ચેક ભરીને આપેલ નથી.

આ તબકકે કોર્ટ સમય પુર્ણ થતા વધુ ઉલટ તપાસ મુલતવી.
ઉલટ તપાસ પુરી.
ફેર તપાસ નથી.

**સ્થળ:– હળવદ.**
**તારીખ:– ૧૧/૧૧/૨૦૨૫**

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી.  ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી.  ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

*એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*

**PAGE NO.5**

**સોગંદ આપ્યા.....**

<u>ફરીયાદી પ્રકાશભાઈ મગનભાઈ પરમાર ની આંક–૪ ની સરતપાસ લગત બચાવપક્ષે તરફે ઉલટ તપાસ વિ. વ.શ્રી એન.યુ.સોલંકી.</u>

(૨) એ વાત ખરી છે કે હું ડ્રાઈવીંગનો ધંધો કરુ છુ. મારી પાસે હાલમા એક ગાડી છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારી પાસે ત્રણ ગાડીઓ હતી અને કંપની બંધ થઈ જવાથી બે ગાડી વેચી નાખી અને એક ગાડી મારી પાસે છે. મે આ ત્રણેય ગાડીઓ હપ્તેથી લીધેલી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે વારાફરતી વારાફરતી લીધેલી. એ વાત ખરી છે કે હાલમા મારી પાસે જે ગાડી છે તેનો હું મહીને હપ્તો ભરુ છુ. મારી આ ગાડીનો હપ્તો મહીને પંદર હજાર રૂપીયા ભરુ છુ.
સવાલ:– તમે ડ્રાઈવીંગ સીવાય બીજો કોઈ ધંધો કરતા નથી?
જવાબ:– મારા પિતાની ખેતીની જમીન છે અને અમે સંયુકત કુટુંબમા રહેતા હોય ખેતીની આવક પણ છે પરંતુ હું ડ્રાઈવીંગનુ કામ કરુ છુ ખેતીકામ કરતો નથી.
મારા પિતાને પાંચ ભાઈઓ છે. એ વાત ખરી છે કે આ ખેતીની જમીન મારા પિતાના પાંચેય ભાઈઓના નામે આવેલ છે. આ જમીનમા પાંચેય ભાઈનો હીસ્સો રહેલ છે. અમે ઘરમા હાલ સાત સભ્યો રહીએ છીએ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારો નાનોભાઈ અલગ રહે છે.
સવાલ:– ઘરમા કમાનાર તમે એક માત્ર સભ્ય છો?
જવાબ:– મારા માતાપિતા ખેતીકામની મજુરી કરે છે.
એ વાત ખરી નથી કે મારા પિતા પહેલા દારૂનો ધંધો કરતા.
સવાલ:– તમે આ રીતે વ્યાજમા કેટલા વ્યકતીઓને પૈસા આપેલ છે?
જવાબ:– મે વ્યાજે પૈસા આપેલ નથી, ઉછીના આપેલ છે. તેના પપ્પા બીમાર હતા અને તેના મેરેજ પણ હતા.
એ વાત ખરી છે કે મે આ ફરીયાદ સીવાય બીજા કોઈને ઉછીના પૈસા આપેલ નથી. એ વાત ખરી છે કે આ ફરીયાદ સીવાય અન્ય કોઈ વ્યકતીઓએ મને ચેક આપેલ નથી. એ વાત ખરી નથી કે મે જયેશ કાળુભાઈ પરમારને વ્યાજે પૈસા આપેલા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારે જયેશભાઈ કાળુભાઈ સાથે ઝઘડો થયેલ હતો, મને માથામા વાગ્યુ હતુ, હું રાજકોટ દાખલ હતો. એ વાત ખરી નથી કે આ ઝઘડો અમારે પૈસાની વ્યાજની લેતીદેતીમા થયેલ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે જયેશભાઈ કાળુભાઈ દારૂ પી ને મારા પિતાને ગાળો આપતા હતા તે વખતે હું અમદાવાદ હતો અને આવીને મે જયેશભાઈને કહેલ કે મારા પિતાને શા માટે ગાળો આપી, તો જયેશભાઈએ મને માથામા મારી લીધલું.
(૩) આ ચેક કઈ તારીખે નાખેલો તે જાજો સમય થઈ ગયેલ હોય અત્યારે મને યાદ નથી. એ ચેક કઈ તારીખે પરત ફરેલો તે પણ મને યાદ નથી. આ ચેક જયેન્દ્રસિંહના ખાતામા પૈસા ન હોવાથી પરત ફરેલો. એ વાત ખરી નથી કે જયેન્દ્રસિંહે તેમણે સ્ટોપ કરાવેલ હોવાથી ચેક પાછો ફરેલ. એ વાત ખરી છે કે આ ફરીયાદ વાળો ચેક મે બીજા પાસે ભરાવડાવેલો. એ વાત ખરી છે કે આ ચેકમા વિગતો જયેન્દ્રભાઈએ ભરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ચેકમા સહી જયેન્દ્રભાઈએ કરીને મને આપેલ. એ વાત ખરી નથી કે આ કામમા મને પૈસા મળી ગયા હોવા છતા

વ્યાજની રકમ ભરી હાલનો ખોટો કેસ કરેલ છે.
ફેર તપાસ નથી.
**સ્થળ:– હળવદ.**
**તારીખ:– ૦૩/૧૨/૨૦૨૫**
સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

*એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*